અપીલ અરજી નં.૨ તા.૪–૪–૦૯

અરજદારઃ શ્રી રન્ના હરીશકુમાર પટેલ
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી, વરાછાઝોન

ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રન્ના હરીશકુમાર પટેલની તા.૨૭–૨–૦૯ ની અરજીથી પ્લોટ નં.૧૭૨,૧૭૩, ગીરનાર સોસાયટી નાના વરાછા ટેના નં.૨૦એ–૦૩–૧૭૮૧ –૦–૦૦૧ કબ્જેદાર તરીકે માલીકીની મિલ્કતમાં શ્રીમતી દયાબેન ગિરધરભાઈ વેકરીયાનું નામ શેના આધારે ચઢાવવામાં આવ્યું તે દસ્તાવેજની નકલ સહિતની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૪–૪–'૦૯ ની અપીલ અરજી નં.૨/૨૦૦૯–૧૦

શ્રી રન્ના હરીશકુમાર પટેલની તા.૨૭–૨–૦૯ ની અરજીથી પ્લોટ નં.૧૭૨,૧૭૩, ગીરનાર સોસાયટી નાના વરાછા ટેના નં.૨૦એ–૦૩–૧૭૮૧ –૦–૦૦૧ કબ્જેદાર તરીકે માલીકીની મિલ્કતમાં શ્રીમતી દયાબેન ગિરધરભાઈ વેકરીયાનું નામ શેના આધારે ચઢાવવામાં આવ્યું તે દસ્તાવેજની નકલ સહિતની માહિતી આપવા બાબતે માંગેલી માહિતી આપી જ નથી તેવા મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૪–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૩ તા.૧૭–૪–૦૯થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી, વરાછાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૦૯૬ તા.૨૪–૪–૦૯ થી પુરક માહિતી પુરી પાડવામાં આવેલ.

અરજદારની મુળ અરજીમાં પ્લોટ નં.૧૭૨,૧૭૩, ગીરનાર સોસાયટી નાના વરાછા ટેના નં. ૨૦એ–૦૩– ૧૭૮૧ – ૦ –૦૦૧ કબ્જેદાર તરીકે માલીકીની મિલ્કતમાં શ્રીમતી દયાબેન ગિરધરભાઈ વેકરીયાનું નામ શેના આધારે ચઢાવવામાં આવ્યું તે દસ્તાવેજની નકલ સહિતની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતીઅધિકારીના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૦૯૬ તા.૨૬–૩–૦૯ થી માહિતી પુરી પાડવામાં આવેલ જણાય છે. જેમાં જણાવ્યા મુજબ સદર ટેનામેન્ટ વાળી મિલકતની ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા હરીશભાઈ ગંગારામ પટેલનું નામ દાખલ છે. જેના અન્ય ટેનામેન્ટવાળી મિલકત શ્રીમતી દયાબેન ગિરધરભાઈ વકેરીયાનું નામ શરતચૂકથી દાખલ થઈ ગયેલ. જેમાં સુધારો કરી મૂળમાલિકનું નામ શ્રી હરિશભાઈ ગંગારામ પટેલનું નામ દાખલ કરવામાં આવેલ છે. જે અંગેની પાર્ટી સ્ટેટસ સામેલ છે. જેમાં અરજદારે દયાબેનનું જે મિલ્કતમાં નામ દાખલ થયેલ છે તેની દસ્તાવેજી કોપી સામેલ નથી એમ જણાવેલ છે.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૭–૨–૦૯ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડવામા આવેલ છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો દિન–૭માં જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરી કામકાજના સમય દરમ્યાન લાગત ફાઈલનું દફતરી નિરીક્ષણ કરી શકે છે. જે માટે આરટીઆઈ કાયદાની કલમ ૭(૧),૭(૩) તથા નિયમ–૫ (બી) હેઠળ ઠરાવેલ ફી અરજદારને લાગુ કિસ્સામાં ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી તેવી માંગણી થયે હુકમ મુજબ અમલવારી કરી તેની જાણ અત્રે કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી ,વરાછા ઝોન ,....જાણ તથા અમલ માટે.

(૨) શ્રી રન્ના હરીશકુમાર પટેલ ૨૪,પશુપતિનાથ નગર,નાનાવરાછા, સુરત....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેના હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂં.